# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

કોલેજ વહીવટ શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર, ગુજરાત રાજ્ય

ક્રમાંક:કવટ/ISC3/બઢતી/૨૦૨૫/14984 તા: 03/૫/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત કોલેજો તમામ.

**વિષયઃ** રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં તા.૩૧/૧૨/૨૦૧૫ બાદ ખાલી પડેલ જગ્યા પર બિનશૈક્ષણિક કર્મચારીઓને બઢતી આપવા બાબત.

**શ્રીમાન,**

રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલજોના બિન શૈક્ષણિક કર્મચારીઓને બઢતી આપવા માટે શિક્ષણ વિભાગની મંજુરી મળેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ની કોલેજની વિદ્યાર્થી સંખ્યા આધારિત શિક્ષણ વિભાગના તા.૨૭/૦૬/૧૯૯૬(બી.એડ કોલેજો માટે શિ.વિના તા.૮/૦૮/૧૯૮૩ના ઠરાવ મુજબ) ના સેટ અપ મુજબ બઢતી આપવા માટે વિગતવાર દરખાસ્તો નીચે મુજબના મુદ્દાઓનું ચકાસણી કરી રજુ કરવા જણાવવામાં આવે છે. દરખાસ્ત રજુ કરવા આ પત્રના અનુક્રમ નં. ૧ થી ૨૩ નો કાળજીપૂર્વક અભ્યાસ કરી આ મુદ્દામાં દર્શાવ્યા સબંધિત સાધનિક પ્રમાણિત કાગળો સાથેની કર્મચારીવાઇઝ બઢતીની અલગ અલગ દરખાસ્ત અત્રેની કચેરીમાં મોડામાં મોડા તા.૨૦/૦૫/૨૦૨૫ સુધીમાં મળી રહે તે મુજબ રજુ કરવા જણાવવામાં આવે છે.

**દરખાસ્ત મોકલી આપવાના મુદ્દાઓઃ-**

(૧) દરખાસ્ત સાથે: પત્રક-૧ શિક્ષણ વિભાગના તા.૨૭/૦૬/૧૯૯૬(બી.એડ કોલેજો માટે શિ.વિના તા.૮/૦૮/૧૯૮૩ના ઠરાવ) ના ઠરાવ મુજબ કોલેજમાં યુનિવર્સિટી દ્વારા એનરોલ થયેલા ચાલુ શૈક્ષણિક વર્ષની વિદ્યાર્થી સંખ્યાના આધારે મળવાપાત્ર મહેકમનું પત્રક. પત્રક-૨ બિન શૈક્ષણિક લેબોરેટરી સ્ટાફની મળવાપાત્ર, મંજુર, ભરાયેલ અને ખાલી જગ્યાઓનું વિગત દર્શાવતુ પત્રક (વિજ્ઞાન વિદ્યાશાખાની કોલેજો માટે). પત્રક-૩ કોલેજમાં કાર્યરત સ્ટાફની અદ્યતન વિગતો દર્શાવતું પત્રક(વહીવટી લેબોરેટરી સ્ટાફ સહિત). પત્રક-૪ મળવાપાત્ર મંજુર,ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક(વહીવટી લેબોરેટરી સ્ટાફ સહિત).પત્રક-૫ શિક્ષણ વિભાગના તા.૨૭/૦૬/૧૯૯૬ ના ઠરાવ મુજબ કોલેજમાં યુનિવર્સિટી દ્વારા એનરોલ થયેલા, ઉઠી ગયેલા વિદ્યાર્થીઓને બાદ કરતાં વિદ્યાર્થી સંખ્યા ઘટવાના કારણે જો કોઇ સ્ટાફની વધ હોય તો તેની વિગત દર્શાવતું પત્રક.

(૨) નાણાં વિભાગના તા.૨૮/૧૦/૧૯૯૧ થી ૧૦ % કાપ અને નાણાં વિભાગના તા.૦૯/૦૯/૧૯૯૮ના ઠરાવથી બીજો ૧૦ % કાપ મળી કુલ ૨૦% જગ્યાઓ રદ કરેલ છે. તે અંગે કંઇ જગ્યા રદ કરવામાં આવેલ છે. તે અંગેના ઠરાવમાં સ્પષ્ટ ઉલ્લેખ કરી ઠરાવ રજુ કરવો.

(૩) સરકારશ્રીએ પ્રમાણિત કરેલ રોસ્ટર રજીસ્ટરની અદ્યતન પ્રમાણિત નકલ તેમજ સંવર્ગવાર સરકારશ્રીએ પ્રમાણિત કરેલ રોસ્ટર રજીસ્ટરની અદ્યતન પ્રમાણિત નકલ.

(૪) એક અથવા એકથી વધુ કોલેજ સંચાલિત સંચાલક મંડળનું વર્ગ-૩/વર્ગ-૪ ના કર્મચારીઓનું સિનીયોરીટી લીસ્ટ.

(૫) બઢતી મેળવનાર કર્મચારીની જન્મ તારીખ/નિમણુંક તારીખ/શૈક્ષણિક લાયકાત બાબતે સબંધિત યુનિવર્સિટીએ ઠરાવેલ ઓર્ડીનન્સ મુજબની વિગતો (ઓર્ડીનન્સની નકલ સામેલ રાખવી).

(૬) બઢતી મેળવનાર કર્મચારી જે યુનિવર્સિટી/સરકારશ્રીના બઢતી નિયમોનુસાર અનુભવ/શૈક્ષણિક લાયકાત ધરાવે છે કેમ?

(૭) સંચાલક મંડળ જે કર્મચારીને બઢતી આપવા ઇચ્છે છે તે કર્મચારીની બઢતી અંગેનો નામજોગ ઠરાવ.

(૮) સરકારશ્રીએ નકકી કર્યા મુજબ સીસીસી ની પરીક્ષા સરકારશ્રીએ નકકી કરેલ માન્ય સંસ્થામાંથી પાસ કર્યાનાં પ્રમાણપત્રની પ્રમાણિત નકલ/સીસીસી પરીક્ષામાંથી મુક્તિપાત્ર થતાં હોય તો મુક્તિ અંગેનું સંસ્થાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર.

(૯) એક જ ટ્રસ્ટના સંચાલન હસ્તક એક કરતાં વધુ કોલેજ હોય તો બઢતીપાત્ર કર્મચારી હાલમાં જે કોલેજમાં ફરજ બજાવતો હોય અને તે કોલેજમાં બઢતીવાળી જગ્યા ખાલી પડેલ હોય તો તે કોલેજમાં બઢતી આપવા પ્રથમ અગ્રતા આપવી. આમ શક્ય ન હોય તો મંડળ સંચાલન હસ્તકની અન્ય કોલેજોમાં સંયુકત શ્રેયાનતા આધારે બઢતી આપવી.

(૧૦) દરેક કોલેજોમાં વર્ગ-૪ ના કર્મચારી (પટાવાળા/ચોકીદાર)ને જુનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્કને સિનીયર ક્લાર્ક, સિનીયર ક્લાર્કને હિસાબનીશ, હિસાબનીશને હેડ ક્લાર્ક, હેડ ક્લાર્કને ઓફિસ સુપ્રિટેન્ટન્ટની જગ્યા ઉપર બઢતી આપવાના શિક્ષણ વિભાગના તા.૦૬/૧૦/૨૦૦૭ ના પરિપત્રની સુચનાઓ મુજબ ફીડર કેડરમાંથી બઢતીવાળી કેડરમાં બઢતી આપવાની જોગાવાઇ અમલમાં છે. જે કર્મચારી બઢતીવાળી કેડરમાં બઢતી માટે સંમત ન હોય તો શ્રેયાનતામાં તે પછીના ક્રમે બઢતી માટે ઇચ્છુક કર્મચારીની બઢતી માટે મંડળે ઠરાવ કરી બઢતી માટે દરખાસ્ત રજુ કરવી.

(૧૧) વહીવટી/બિનશૈક્ષણિક કર્મચારીઓની બઢતી આપવા માટે માહિતી દર્શાવતું પત્રકમાં કોલમ નં. ૧ થી ૧૧ માં તમામ વિગતો કાળજી પૂર્વક ભરવાની રહેશે અને જે કોલમ સબંધિત આધાર પુરાવા રજુ કરવા જણાવેલ હોય તે અંગેના આધાર પુરાવા અચુક રજુ કરવાના રહેશે. શ્રેયાન યાદીમાં એકજ નિમણુંક તારીખે નિમણુંક પામેલ કર્મચારીઓની સંખ્યા વધુ હોય તો તે કર્મચારીઓ પૈકી બઢતી માટેની પાત્રતા સબંધિત યુનિવર્સિટીના બઢતી અને શ્રેયાનતા ઓર્ડિનન્સ/સ્ટેચ્યુટ મુજબ સંચાલક મંડળે ચકાસણી કરી જે કર્મચારી બઢતી માટે પાત્ર હોય તે માટે અત્રે દરખાસ્ત કરવાની રહેશે.

(૧૨) શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં રજુ કરેલ કાર્યભાર અંગેના પત્રક-૧ થી ૫ માં દર્શાવેલ વિદ્યાર્થી સંખ્યા સબંધિત યુનિવર્સિટી દ્વારા મંજુર કરેલ ડીવીઝન અને તે આધારે એનરોલ થયેલા વિદ્યાર્થીઓની વાસ્તવિક સંખ્યાનેજ ધ્યાનમાં લીધા બાદ તેમજ આ વિદ્યાર્થી સંખ્યામાં કોઇ સ્વનિર્ભર (Self Finance) અભ્યાસક્રમના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો નથી તે અંગેની ચકાસણી કરી આચાર્યશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવું.

(૧૩) જે તે જગ્યા(Cadre) માટે બે થી વધુ કર્મચારીઓ એકજ તારીખે નોકરીમાં જોડાયા હોય, તો તેમનામાંથી જે વહેલો જોડાયો હોય તેને સિનીયર ગણવામાં આવશે. જે તે જગ્યા (Cadre) માટે બે થી વધુ કર્મચારીઓ એકજ તારીખ (same date)અને એકજ સમય (same time) જોડાયા હોય તો ઉપરના નિયમમાં જણાવ્યા પ્રમાણે જે તે કર્મચારીએ તે કોલેજમાં કે સંસ્થામાં આપેલ સતત નોકરી (Continues Service)ના ધોરણ જ, તેની સીનીયોરીટી ધ્યાનમાં લેવામાં આવશે. જો બે કે તેથી વધુ બિન શૈક્ષણિક કર્મચારીઓ જે તે જગ્યા માટે સતત નોકરીની કુલ લંબાઇમાં પણ સરખા (Equal) આવે તો, તેવા સંજોગોમાં જે તે કર્મચારી નોકરીમાં જોડાવાની તારીખે કઇ શૈક્ષણિક લાયકાતો (Education Qualification), (આમા કયો વર્ગ (Class) મળ્યો છે તેનો પણ સમાવેશ થાય છે)ના ધોરણે સીનીયોરીટી નકકી થશે. જો બે કર્મચારીઓ એક જ દિવસે અને એકજ સમયે જોડાયા હોય અને બઢતી પણ એક જ દિવસે અને એકજ સમયે મળી હોય અને જો બન્નેની શૈક્ષણિક યોગ્યતાઓ (વર્ગ પણ સરખો) હોય પણ સમકક્ષ હોય, તેવા સંજોગોમાં બે માંથી જેની ઉમર વધુ હશે તેને સીનીયર ગણવામાં આવશે. જે તે કોલેજ કે સંસ્થામાં જે તે જગ્યા (Cadre) ઉપર જુદા જુદા ડીપાર્ટમેન્ટ કે સેકશનમાં કામ કરતાં કર્મચારીની સીનીયોરીટી ગણતરી વખતે જે તે જગ્યા(Cadre)માં બધી થઇને કુલ (cumulatively) એકત્રિત કરીને નોકરી ધ્યાનમાં લેવાની રહેશે.

(૧૪) દરેક સંસ્થામાં/કોલેજમાં જે કર્મચારીને બઢતી આપવાની છે તે કોલેજમાં વર્ગ-૩/વર્ગ-૪ની સીનીયોરીટી પૈકીના કોઇ સીનીયર કર્મચારીઓના બઢતીના હકક-હીતને નુકશાન કરી બઢતી આપવાની દરખાસ્ત કરેલ નથી તેનું આચાર્યશ્રીનું પ્રમાણપત્ર તથા આ અંગે જે કર્મચારીને બઢતી આપવાની દરખાસ્ત રજુ થઇ છે તે પછીના ક્રમમાં આવતા કર્મચારીના બઢતીના હકક-હીતમાં નુકશાન થયેલ નથી તે અંગેના સંયુકત સંમતિ પત્રક.

(૧૫) સંસ્થાએ બઢતી માટે રજુ કરેલ દરખાસ્તમાં સંસ્થાના કોઇ કર્મચારી દ્વારા બઢતી બાબતે નામદાર ટ્રિબ્યુનલ કે કોઇ આદાલતમાં વાંધો રજુ કરેલ છે કે કેમ? જો હા તો તેની અદ્યતન વિગતોમાં કોર્ટકેસ, ટ્રિબ્યુનલ કેસની નકલ તેમાં આવેલ જજમેન્ટો તથા આ કેસની હાલની અદ્યતન પરિસ્થિતિ જો ના તો તેની શૂન્ય વિગત.

(૧૬) કોલેજ બઢતી માટે રજુ કરેલ દરખાસ્તવાળા કર્મચારીની કાર્યક્ષમતા તેમની સામે કોઇ પ્રાથમિક તપાસ, પોલીસ કેસ, કોર્ટ કેસ, ખાતાકીય તપાસ ચાલુ છે કે કેમ? તે અંગે ચકાસણી કરી તે અંગેનું પ્રમાણપત્ર.

(૧૭) સંસ્થાએ બઢતી માટે રજુ કરેલ દરખાસ્તમાં રજુ કરેલ બાબતો રેકર્ડ આધારિત સાચી અને ખરી છે તેની પૂરતી જાત ચકાસણી કરી સંપૂર્ણ સભાનતાથી આપેલ છે અને આપેલ માહિતી સાચી છે કે કેમ? તે અંગેનું સંમતિ પત્રક.

(૧૮) કોલેજના અન્ય કોઇ કર્મચારી ભૂતકાળમાં ફાજલ થયેલ હોય તો તે કર્મચારીને તે સંસ્થામાં રીકોલ કરવાના હોય તો તે કર્મચારીનું નામ, હાલની કોલજ, હોદ્દો, સંસ્થા રીકોલ કરવા ઇચ્છે છે કે કેમ? તે અંગેનું સંમતિપત્રક.

(૧૯) સંસ્થાના કર્મચારીની બઢતી માટે સંસ્થાના આચાર્યશ્રી સંચાલક મંડળના પ્રતિનિતિ અથવા તેમના નિયુકત પ્રતિનિધિ, વહીવટી સંવર્ગમાં શ્રેયાન કર્મચારી, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના પ્રતિનિધિ, આમ, ઉકત બઢતી સમિતિ દ્વારા બઢતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨૦) બઢતીપાત્ર કર્મચારીની જન્મ તારીખ/શૈક્ષણિક લાયકાતના પ્રમાણ પત્રોની પ્રમાણિત નકલ.

(૨૧) સંસ્થાએ બઢતીનો દરખાસ્ત સાથે દર્શાવેલ તમામ વિગતો રજુ કરેલ છે તેના પાના નંબર નાખ્યા સહિતનું પ્રમાણપત્ર.

(૨૨) વહીવટી/બિન શૈક્ષણિક કર્મચારીઓની બઢતી આપવા માટે માહિતી દર્શાવતા પત્રકમાં કોલમ નં.૧ થી ૧૩ માં તમામ વિગતો કાળજીપૂર્વક ભરવાની રહેશે અને જે કોલમ સબંધિત તમામ આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

(૨૩) શૈક્ષણિક વર્ષઃ૨૦૨૪–૨૫ની વિદ્યાર્થી સંખ્યા અગાઉના શૈક્ષણિક વર્ષની વિદ્યાર્થી સંખ્યા આધારે રજુ કરેલ બઢતીની દરખાસ્તમાં કોઇ નિર્ણય ન મળેલ હોય તો તેવી દરખાસ્તો પણ નવેસરથી રજુ કરવાની રહેશે.

દરેક કોલેજે કર્મચારી વાઇઝ બઢતીની સંયુકત દરખાસ્તો અત્રેની કચેરીને કરવાને બદલે કર્મચારી વાઇઝ અલગ અલગ દરખાસ્તો કરવાની અચૂક કાળજી રાખવી.

**બિડાણ:**

- પત્રક:૦૧ થી૦૫
- બઢતી બાબતનું ચેકલીસ્ટ
- વહીવટી કર્મચારીને બઢતી આપવા માટેની મહિતી દર્શાવતું પત્રક
- આચાર્યશ્રીએ રજુ કરવાનું એકરારનામું
- સંસ્થાએ આપવાના પ્રમાણપત્રના નમુના.

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.